RNI No. GUJGUJ/2002/14341
POST Reg. No. G/Sen/253/2018 to 2020
Follows on : f Twitter YouTube

અંક નં. ૧ પેઇજ - ૧૬
વર્ષ - ૧૬
માહે - જાન્યુઆરી-૨૦૨૦
વાર્ષિક લવાજમ રૂા. ૫૦-૦૦
છુટક નકલ રૂા. ૬-૦૦
મો. ૮૭૫૮૬ ૭૧૮૬૩
મો. ૭૬૯૮૭ ૪૩૦૯૩
મો. ૭૦૯૬૬ ૦૯૯૧૫
www.pragnachakshu.com

# વૃક્ષ

તંત્રીઃ મુકતા પી. ડગલી • સહતંત્રીઃ ગૌતમભાઇ ગોલ
માસીક પત્રિકા
VRAKSH

No. GujGuj 10276/06/1/2002 - TC
Date of Publication : 10 JANUARY 2020
POST AT RMS SURENDRANAGAR

ઓફીસ :
મુકતાબેન પી. ડગલી
સી. યુ. શાહ
પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ,
દાદા ભગવાનના મંદિર પાછળ,
જલારામ પેટ્રોલ પંપની સામે,
મુળી રોડ, સુરેન્દ્રનગર : ૩૬૩ ૦૨૦.
P.O.Box No.-18
E-mail : pragnachakshu@yahoo.in

PRINTED & PUBLISHED BY MUKTABEN P. DAGALI ON BEHALF OF MUKTABEN P. DAGLI, PRINTED BY MAHALAXMI PRINTING PRESS, NR. GATE FATAK, SURENDRANAGAR, PUBLISHED FROM PRAGNA CHAKSHU MAHILA SEVA KUNJ, OPP. JALARAM PETROL PUMP, MULI ROAD, SURENDRANAGAR.

## આયોજક

# સી.યુ. શાહ

## પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ - સુરેન્દ્રનગર

## પરણ, પ્રતિયોગીતા, પુરસ્કાર
## વિશેષાંક

Sponsored by
Classic STEELS®
MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)



તારીખ : ૨૬, જાન્યુઆરી, ૨૦૨૦
સ્થળ : પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ કોમ્પલેક્ષ,
દાદા ભગવાન મંદિરની પાછળ, મૂળી રોડ,
સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦, મો. ૮૭૫૮૬ ૭૧૮૬૩,
૭૬૯૮૭ ૪૩૦૯૩, ૭૦૯૬૬ ૦૯૯૧૫
સમય : સવારે ૮:૦૦ થી બપોરે ૨:૩૦ સુધી



# સંસ્થાના શિરતાજ પ્રમુખશ્રી નવિનભાઈ મણીયારનું

## .... હાર્દિક નિમંત્રણ ....



સ્નેહી દાતાઓ, સદ્‌ગ્રહસ્થો, વડીલો, યુવાનો અને વ્હાલા વાચક મિત્રો,

પ્રસંગો માનવીને હ્રદયના ભાવો ઠાલવવાની તક આપે છે. જીવનની સંગે પ્રસંગનો સંગ ન હોય તો જીવન શુષ્ક બની જાય છે. આંગણે આવેલા અતિથીને આવકાર આંગણામાં પ્રવેશે છે ત્યારે મળે છે. પણ પ્રસંગોપાત આપણે જેમને બોલાવવા ઇચ્છીએ છીએ તેમને તો આપણે આકર્ષક રંગબેરંગી કાગળોમાં અંતરથી ઉભરાયેલા ભાવોને અક્ષરોની સહાયથી શબ્દોમાં ગુંથીને કંડારીએ છીએ. કંડારેલા ભાવોને કવરમાં બીડી આપણે આપણા સ્વજન સુધી પહોચાડીએ છીએ. એટલે પત્રિકા પ્રાપ્ત કરતા જ સ્વજનોના અનંદની શરૂઆત થાય છે. અને જ્યારે સ્વજનો આપણા આંગણે આવે ત્યારે તેમનો આનંદ ચરમસીમા વટાવી જાય છે. પ્રસંગની પૂર્ણતા અતિથીઓના આગમનમાં સમાયેલી છે. ઉજ્જડ ગામમાં ઢોલ વાગે તેની કોઇ કિંમત નથી પણ સ્વજનોની ઉપસ્થિતીમાં વાગતા ઢોલના ઢબકારા માનવ મહેરામણના ધબકારાને વધારી ન દે તો પ્રસંગ અધુરો ગણાય. આવા ભવ્ય, દિવ્ય અને અદ્વીતીય પ્રસંગોમાં હાજરી આપવા માટે સંસ્થાના વડા તરીકે હુ આપ સૌને નિમંત્રણ પાઠવું છું.

છેલ્લા બે વર્ષથી શ્રી કાંતિલાલ પ્રેમજી મારૂ(ગીજુભાઇ) કારાઘોઘા, હાલ. મુંબઇ, ક્લાસીક સ્ટીલ અને શ્રી દિપકભાઇ અગ્રવાલ મિઠાઇવાલા-મુંબઇ તરફથી લગ્નોત્સવ જેવા મહામુલા પ્રસંગો યોજાઇ ગયા. આ વખતનો લગ્નોત્સવ પણ શ્રી કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂએ સ્વીકારીને નેત્રહીન બાળાઓને અનોખું વાત્સલ્યદાન આપવાનો નિર્ણય કર્યો છે. કાંતીભાઇ નું નામ તેજનું સુચક છે. પ્રેમજીભાઇનું નામ અનોખી લાગણીનું સુચક છે. મારૂનો અર્થ મારાપણાનો સુચક છે અને ગીજુભાઇ નો અર્થ મોટા ગજાનું સુચક છે. આ લોકો કારાઘોઘા-માટુંગામાં વસે છે. તેઓ જગતને પોતાનુ માનતા હોય અને પ્રભુએ તેમને ખુબ રીધ્ધી સિધ્ધી આપી હોય તેઓ અગણીત કન્યાઓને પરણાવીને પુન્યનુ ભાથુ બાધી ચુક્યાં છે. ૨૦૨૦ ના વર્ષે તેઓ અંધકન્યાઓને પરણાવીને તેમના ભેગા થયેલા અનોખા પુન્યમાં વધારો કરનાર છે. દ્રષ્ટીવાળાને પરણાવનારા લોકો ઘણા છે. પણ દ્રષ્ટીહિનોના સમુહલગ્ન માટે સંપૂર્ણ દાન આપ્યુ હોય તેવી ઘટના સમગ્ર ભારત વર્ષમાં સૌ પ્રથમવાર ઘટી રહી છે. શ્રી ગીજુભાઇ એ બંધ નયનની બાળાઓને પોતાના હ્રદયમાં સમાવી તેના જીવનને અંધયુવકોના જીવન સાથે જોડવા માટેની અનોખી પહેલ કરી છે. વાસ્તવમાં શ્રી ગીજુભાઇ ગજાદાર માનવી છે અને તેથી તેમને પોતાના ગજાનો સદ્‌ઉપયોગ કરી નેત્રહીન બાળાઓને આનંદીત કરવાનું બીડું ઝડપ્યુ છે. તા. ૨૬/૦૧/૨૦૨૦ ને રવિવારના રોજ જે અંધકન્યાઓ લગ્નગાંઠે બંધાશે તેમનું સદ્‌ભાગ્ય કહેવાય કે તે દિવસે તેમને ગજાદાર ગીજુભાઇ જેવો માતબર બાપ મળશે. જે કન્યાઓ સાથે જે વરરાજાઓ જોડાશે તેમને એક મજબુત સસરાની પ્રાપ્તિ થશે. આ ખુશી માનવ હૈયાને આનંદીત કરનાર બની રહેશે. આ દિવસે માનવ હૈયા હીલોળે ચડશે, આનંદની વર્ષા થશે, બેંડવાજાના તાલે અનોખા નાચગાન થશે, ફટાકડાના અવાજોથી વાતાવરણ ગુંજી ઉઠશે. વરરાજાઓના અનોખા સ્વાગત થશે. ખાણી પીણીની ખુશાલી થશે. અંધજનોએ ન જોયા હોય કે ન ચાખ્યા હોય તેવા ભોજન તેમને મળશે અને પધારનાર તમામ અતિથીઓ આ સઘળુ જોઇને અનોખા આનંદની અનુભુતી કરશે. હું માનુ છું ત્યાં સુધી ઉપસ્થિત મહાનુભાવોને આવો અદ્રીતીય આનંદ એમની જીંદગીમાં ક્યારેય નહી મળ્યો હોય. બંધ આંખમાં આનંદની ઝલક ક્યારેક જ જોવા મળે છે. આ ઝલક આપને તારીખ ૨૫ અને ૨૬ જાન્યુઆરીના દિવસોમાં જોવા મળશે. તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ બંધ આંખે અંધબાળાઓ પુરી, સુકીભાજી, ફ્રાઇન્સ, સલાડ વગેરે વાનગી બનાવીને સંસ્થા પરીસરને સુગંધ અને સ્વાદથી ભરી દેશે. બીજોલી, કોષા, દર્શનાબહેન સનતભાઇ શાહ (યુ.એસ.એ) ના સૌજન્યથી યોજાનાર આ રસોઇ સ્પર્ધાનું ઇનામ તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ ના દિને સંધ્યા સમયે થશે. તે જ દિવસે રાત્રીના સમયે શ્રી કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ (ગીજુભાઇ) ક્લાસીક સ્ટીલ લગ્નોત્સવના પ્રારંભ રૂપે ડાંડીયા રાસની રમઝટ બોલશે અને સ્વર અને તાલમાં સૌ મગ્ન બનશે. આ ડાંડીયા રાસને સંગીતથી શોભાવશે લુઇ બ્રેઇલ પ્રજ્ઞાચક્ષુ વાદ્ય વૃંદ(ઓરકેસ્ટ્રા ગૃપ મોરબીના પ્રજ્ઞાચક્ષુ ભાઇ-બહેનો). તા. ૨૬ જાન્યુઆરીના રોજ અંધ વરકન્યાઓના હાથ એકબીજાના હાથમાં સોંપાશે. તેજ વિહોણા અંધ યુવક યુવતિઓ અનોખા સ્પર્શથી આનંદીત થશે અને જીવનના સ્વપ્નને સાકાર થતુ જોઇ ખુશ ખુશાલ થશે. ત્યારબાદ શ્રેષ્ઠીઓના સન્માન સમારંભમાં સંસ્થા તરફથી વિવિધ ત્રણ એવોર્ડ અપાશે. જગદીપ ફાઉન્ડેશન યુ.કે. સ્વ. મધુરીબેન સુર્યકાંતભાઇ શાહ તથા શ્રી સુર્યકાંતભાઇ જગજીવનદાસ શાહ પ્રેરીત લુઇ બ્રેઇલ એવોર્ડ પ્રજ્ઞાચક્ષુ સોલીસીટર મહિલા કંચન પમનાનીને રૂપિયા એક લાખના પુરસ્કાર સાથે સન્માનપત્ર, સાલ, અને સ્મૃતિચિહ્‌ન સાથે અર્પણ થશે. શ્રીમતિ દિવ્યાબેન ચંન્દ્રકાંતભાઇ શાહ અને શ્રીમતિ જસુમતિબેન લલિતચંન્દ્ર શાહ (દેરાણી જેઠાણી) રાજકોટ પ્રેરીત મુક્તા પંકજ ડગલી એવોર્ડ રૂપિયા એકાવન હજાર માનવ પરીવાર ટ્રસ્ટને અપાશે. શ્રી ચંન્દ્રકાંતભાઇ હિંમતલાલ શાહ તથા સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી પુરસ્કાર રૂપિયા એકાવન હજાર સાલ, સ્મૃતિચિહ્‌ન અને સન્માનપત્ર સાથે શ્રી પ્રવિણભાઇ ડાંડીયા મુંબઇને અપાશે અને અંતે ભવ્ય ભોજન પછી વિદાયની વસમી વેળા આવતા ઉપસ્થિત હસતા મુખડા પર અશ્રુની ધાર જોવા મળશે. સુખ અને દુઃખના તાણાવાણામાં વણાયેલા આ ભવ્ય જીવનની અનુભુતિ આ બે દિવસો દરમ્યાન થશે. આ કાર્યક્રમમાં આપ સૌ પ્રેમે પધારો અને વરકન્યાને વધાવો તથા અંધજનોને તમારા દિલમાં સમાવો અને અનોખું પુન્ય કમાવો એવી મારી નમ્ર અપીલ છે. આપનો સાથ એજ પ્રજ્ઞાચક્ષુનો વિકાસ, આપનો હાથ એજ પ્રજ્ઞાચક્ષુનો આધાર, આપની ઉપસ્થિતિ એજ પ્રજ્ઞાચક્ષુનો ઉમંગ, આપની હાજરી એજ પ્રજ્ઞાચક્ષુઓની હુંફ. અંતમાં હું એટલું જ કહીશ કે

“ હૈયાના હેતે પ્રજ્ઞાચક્ષુને વધાવીએ, મનડાની મમતાથી મનમાં સમાવીએ.
તનડાના ટેકે તેને આગળ વધારીએ, ને ધનડાના ધૈર્યથી ધરતી સજાવીએ.
ફરી ફરી આપ સૌને નમ્ર નિમંત્રણ આપતા આનંદ અનુભવુ છું. ”

**લિ. નવિનભાઈ એ. મણીયાર**

# ભાવભર્યું નિમંત્રણ

**સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર આયોજીત કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા-માટુંગા ''કલાસીક અંધકન્યાઓનો ૨૯ મો લગ્નોત્સવ'' તથા જગદીપ ફાઉન્ડેશન યુ.કે પ્રેરીત સ્વ. મધુરીબેન સુર્યકાંત શાહ અને શ્રી સુર્યકાંતભાઇ જગજીવનદાસ શાહ લુઇ બ્રેઇલ એવોર્ડ તથા શ્રીમતિ દિવ્યાબેન ચંન્દ્રકાંતભાઇ શાહ તથા શ્રીમતિ જશુમતિબેન લલિતચંન્દ્ર શાહ (દેરાણી જેઠાણી પ્રેરીત) મુક્તા પંકજ ડગલી એવોર્ડ તથા શ્રી ચંન્દ્રકાંતભાઇ હિંમ્મતલાલ શાહ તથા સ્વ.સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી પુરસ્કાર અર્પણ તથા સ્વ. વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધમહિલા બારમી વાનગી સ્પર્ધા સૌજન્ય - બીજોલી, કોષા, દર્શનાબહેન સનતભાઇ શાહ પરીવાર યુ.એસ.એ સ્પર્ધાનો ઇનામ વિતરણ સમારંભ તથા નેત્રહીન બહેનોની રાસ ગરબાની રમઝટના વિવિધ કાર્યક્રમો**

સુજ્ઞ મહાશય શ્રી.................................................................................................

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગર નેત્રહીનોના વિકાસ અને સુખાકારી માટે અનોખા સોપાન સર કરી રહી છે. નેત્રહીન ભણી ગણીને ઘરના એક ખુણામાં બેસીને નિરાશામયી જીવન જીવે તેનો કોઇ અર્થ નથી.

ઉપરોક્ત સંસ્થા દ્વારા દર વર્ષે અંધકન્યાઓના સમુહ લગ્નોત્સવ યોજાય છે. અત્યાર સુધીમાં આ અભિયાન અંતર્ગત ૧૯૯ અંધકન્યાઓ લગ્નજીવનમાં પ્રસ્થાપિત થઇ ચુકી છે. આપ જેવા વડીલો અને સદ્‌ગ્રહસ્થોનું વાત્સલ્ય સદાય બાળાઓને પ્રાપ્ત થયું છે. આ વર્ષે પણ સંસ્થા સમુહ લગ્નોત્સવ યોજીને અંધબાળાઓને લગ્નજીવનમાં ગોઠવવા માટે કટીબધ્ધ છે. આ વર્ષે તા. ૨૯-૦૧-૨૦૨૦ ને રવિવારના દિવસે જે લગ્નોત્સવ યોજાનાર છે તેનું સૌજન્ય કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા-માટુંગા ''કલાસીક સમુહલગ્ન'' તરફથી મળેલ છે.

આ અદ્વિતીય સમારંભમાં જેમણે બ્રેઇલ લીપીની શોધ કરી અંધજનોના જીવનમાં અજવાળા પાથર્યા છે અને સમગ્ર વિશ્વમાં જે લીપીનો ઉપયોગ આજે અંધજનોના શિક્ષણ માટે થઇ રહ્યો છે તેવા અંધજનોના દેવતુલ્ય ફ્રાન્સના કુપરે ગામના વતની લુઇ બ્રેઇલના નામે શ્રી જગદીપ ફાઉન્ડેશન યુ.કે પ્રેરીત સ્વ. મધુરીબેન સુર્યકાંત શાહ અને શ્રી સુર્યકાંતભાઇ જગજીવનદાસ શાહ લુઇ બ્રેઇલ પુરસ્કાર પ્રજ્ઞાચક્ષુ મહિલા સોલીસીટર કંચન પમનાની મુંબઇને અપાશે.

શ્રી મતિ દિવ્યાબેન ચંન્દ્રકાંતભાઇ શાહ તથા શ્રીમતિ જશુમતિબેન લલિતચંદ્ર શાહ (દેરાણી જેઠાણી પ્રેરીત (મુક્તા પંકજ ડગલી) એવોર્ડ શ્રી માનવ પરીવાર - નોંધણવદર (પાલીતાણા) ટ્રસ્ટને અપાશે.

શ્રી ચંન્દ્રકાંતભાઇ હિંમતલાલ શાહ તથા સ્વ. સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટ પ્રેરીત પંડિત સુખલાજી એવોર્ડ શ્રી પ્રવિણભાઇ ડાંડીયા મુંબઇને અપાશે. જેઓ નેત્રહિન હોવાછતાં મુખપાઠથી જ જ્ઞાન મેળવવામાં સફળ થયા હતા અને જેમની અદ્વિતીય શક્તિઓથી સમગ્ર સમાજ પ્રભાવિત હતો અને જેમણે અસંખ્ય જૈન સાધુ સાધ્વીઓને તથા અસંખ્ય લોકોને પોતાના શિક્ષણનો લાભ આપ્યો છે તેવા લીમલી ગામના વતની પંડિત સુખલાલજીના નામે આ એવોર્ડ અપાઇ છે.

આપણે જયારે ૨૧ મી સદીમાં પ્રવેશી ચુક્યાં છીએ ત્યારે અંધમહિલાઓ પણ જગતની સાથે કદમ મિલાવવા પ્રયત્નશીલ છે. તેની ફલશ્રૃતિરૂપે વિવિધ સંસ્થાઓમાં અભ્યાસ કરતી ગુજરાત રાજ્યની અંધબાળાઓ વચ્ચે એક સુંદર વાનગી સ્પર્ધાનું આયોજન કરેલ છે. આ સ્પર્ધાનું સૌજન્ય બિજોલી, કોષા, દર્શનાબેન સનતભાઇ શાહ (યુ.એસ.એ)નું છે. આ સ્પર્ધા સ્વ. વિનોદાબેન કે. શાહના નામે યોજાશે. સ્વ. વિનોદાબેન શાહ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં આપણી સંસ્થાને તેમના તરફથી રૂ. ૧૦,૦૦,૦૦૦/- નું માતબર દાન મળેલ છે. અંધમહિલાઓ માટે સતત ચિંતિત અને અંધ સમાજના અનુરાગી સ્વ. વિનોદાબેન તેમની સમગ્ર સંપતિ અંધ સમાજ માટે વાપરી છે. પરિણીત અંધ દિકરીઓના ઘરે જવું તેમને મદદરૂપ થવું, તેમને સંકટ સમયે લોન આપવી તે વિનોદાબેનનો શોખ હતો. અંધબાળાઓ લગ્નજીવન બાદ એક હોનહાર ગૃહીણી બને અને તે માટે જાગૃતિ આવે તે હેતુથી આ અદ્વીતીય સ્પર્ધા યોજેલ છે. સ્પર્ધામાં વિજેતા થનાર બહેનોને પ્રોત્સાહિત કરવા માટે એક ઇનામ વિતરણ કાર્યક્રમ યોજેલ છે. આ અંધબાળાઓને પ્રોત્સાહીત કરવા માટે યોજેલ ઇનામ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને લગ્નપ્રસંગે યોજેલ દાંડીયા રાસની રમઝટનો આનંદ માણવા અને અંધબહેનોના અંધકારમયી જીવનની રંગત નિહાળવા આપને અમારૂ ભાવભર્યુ નિમંત્રણ છે.

## રસોઈ સ્પર્ધા ઉદ્‌ઘાટન સૌજન્ય દાતાશ્રી સનતભાઈ શાહ - યુ.એસ.એ. ના વરદ્‌હસ્તે



મંડપ મુહુર્ત
તા. ૨૫-૦૧-૨૦૨૦,
શનિવાર
સવારે ૭:૩૦ કલાકે

રસોઈ સ્પર્ધા
તા. ૨૫-૦૧-૨૦૨૦,
શનિવાર
બપોરના
૧૧:૩૦ કલાકે



રસોઈ સ્પર્ધાની વિજેતા
બાળાઓના ઈનામવિતરણ
તા. ૨૫-૦૧-૨૦૨૦,
શનિવાર
સાંજે ૪:૦૦ કલાકે



ભોજન સમારંભ
તા. ૨૫-૦૧-૨૦૨૦,
શનિવાર
સાંજે ૮:૦૦ કલાકે



સાંસ્કૃતિક કાર્યક્રમ અને
દાંડીયા રાસ
તા. ૨૫-૦૧-૨૦૨૦,
શનિવાર
સાંજે ૯:૦૦ કલાકે



સ્થળ
સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ
મહિલા સેવાકુંજ
પરીસર

## પરણનાર અંધકન્યાઓ માટેનું કાયમી વસ્ત્ર-સૌજન્ય
### શ્રી કિશોરભાઈ પંચમીયા પરિવાર (જયશ્રી સાડી-રાજકોટ)

તા.25-01-2020
શનિવાર

# તા. ૨૫-૦૧-૨૦૨૦ ના રોજ સ્વ. વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધમહિલા બારમી વાનગી સ્પર્ધા સૌજન્ય - બીજોલી, કોષા, દર્શનાબહેન સનતભાઈ શાહ પરીવાર યુ.એસ.એ સ્પર્ધાનું ઈનામ વિતરણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવો

## સમારંભના પ્રમુખ

**શ્રી નવનીતભાઈ સી. શાહ**
(સમાજ સેવક, યુ.એસ.એ.)

## સમારંભનું દિપપ્રાગટ્ય

**શ્રી જગદીશભાઈ ત્રિવેદી**
(જગવિખ્યાત હાસ્ય કલાકાર)

## મુખ્ય મહેમાન

- **શ્રી નામદેવ કદમ**
  (આસીસ્ટન્ટ જનરલ મેનેજર CSR & PR. GIC, મુંબઇ)
- **શ્રી પ્રકાશકુમાર મુડબીદ્રી**
  (સીનીયર મેનેજર CSR & PR. GIC, મુંબઇ)
- **શ્રી કિશનભાઇ શાહ**
  (શ્રીજીકૃપા એકસપોર્ટ, સુ.નગર)
- **શ્રી પ્રવિણભાઇ ઠક્કર**
  (ગૌ કથાકાર, ભગત)
- **શ્રી સુખલાલભાઇ શંભુભાઇ શેલડીયા**
  (વિજયશ્રી ઇલેક્ટ્રોમેક પ્રા.લિ.)

## અતિથી વિશેષ મહાનુભાવો

- **શ્રી કુલીનકાંત લુઠીયા**
  (સામાજીક કાર્યકર, મુંબઇ)
- **શ્રી મસુખભાઇ ધાનાણી**
  (વિજયશ્રી ઇલેક્ટ્રોમેક પ્રા.લિ)
- **શ્રી દિનેશભાઇ પેથાણી**
  (ડાયમંડ મર્ચન્ટ, મુંબઇ)
- **શ્રી પ્રવિણભાઇ ઠક્કર**
  (આણંદ)
- **શ્રી વિશ્વજીતસિંહ એસ. પરમાર**
  (પ્રમુખ, મહેતા માર્કેટ ટ્રસ્ટ ટ્રાન્સપોર્ટ એશોસીએશન, સુ.નગર)
- **શ્રી શૈલેષભાઇ એસ. શાહ**
  (C.A. મુંબઇ)
- **શ્રી આશીષભાઇ શાહ**
  (ઇન્વેસ્ટમેન્ટ-મુંબઇ)
- **શ્રી રવિભાઇ ભુપતભાઇ પટગીર**
  (રવિરાજ હોટલ, સાયલા)
- **શ્રી સુરેશભાઇ ઠક્કર -રંગોલી**
  (અન્નપૂર્ણા ધામ - ભાભર)
- **શ્રી શૈલેષભાઈ અંબારીયા**
  (મહિલા અને બાળ અધિકારી, સુરેન્દ્રનગર)

**તા.26-01-2020**
**રવિવાર**

તા. ૨૬-૦૧-૨૦૨૦ ના રોજ

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગર આયોજીત કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા-માટુંગા ''ક્લાસીક અંધકન્યાઓનો ૨૬ મો લગ્નોત્સવ'', જગદીપ ફાઉન્ડેશન યુ.કે પ્રેરીત સ્વ. મધુરીબેન સુર્યકાંત શાહ અને શ્રી સુર્યકાંતભાઇ જગજીવનદાસ શાહ લુઇ બ્રેઇલ એવોર્ડ તથા શ્રીમતિ દિવ્યાબેન ચંન્દ્રકાંતભાઇ શાહ તથા શ્રીમતિ જશુમતિબેન લલિતચંન્દ્ર શાહ (દેરાણી જેઠાણી પ્રેરીત) મુકતા પંકજ ડગલી એવોર્ડ તથા શ્રી ચંન્દ્રકાંતભાઇ હિમ્મતલાલ શાહ તથા સ્વ.સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી પુરસ્કાર અર્પણ સમારંભમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવો

### સમારંભના પ્રમુખ

**શ્રી કાંતીલાલ પ્રેમજી મારૂ**
(કલાસીક સ્ટીલ, મુંબઇ)

### સમારંભનું દીપપ્રાગટ્ય

**શ્રી હરીભાઇ મોહનભાઇ પટેલ -**
(માજી.ધારાસભ્યશ્રી, પટેલ કોટન ઈન્ડસ્ટ્રીઝ, ધ્રાંગધ્રા)

## મુખ્ય મહેમાન

- **શ્રી મહેન્દ્રભાઇ મુંજપરા**
  (સાંસદ સભ્યશ્રી)
- **શ્રી સુર્યકાંતભાઇ શાહ**
  (જગદીપ ફાઉન્ડેશન, યુ.કે)
- **શ્રી નામદેવ કદમ**
  (આસીસ્ટન્ટ જનરલ મેનેજર CSR & PR. GIC, મુંબઇ)
- **શ્રી પ્રકાશકુમાર મુડબીદ્રી**
  (સીનીયર મેનેજર CSR & PR. GIC, મુંબઇ)
- **શ્રી કિર્તીભાઇ સંઘવી**
  (ચેરમેન હિન્દુસ્તાન પેન્સીલ)
- **શ્રી પ્રવિણભાઇ કે. ગાલા**
  (જાણીતા દાનવીર - મુંબઇ)
- **શ્રી દિપકભાઇ અગ્રવાલ**
  (સોશ્યલ વર્કર, મિઠાઇવાલા-મુંબઇ)
- **શ્રી જી. જે. વાછાણી**
  (પ્રમુખશ્રી, એન.એ.બી. સ્ટેટ બ્રાન્ચ)
- **શ્રી હેમલભાઇ પી. શાહ**
  (ભાવના રોડવેઝ, સુ.નગર)
- **શ્રી પ્રવિણભાઈ આત્મારામ શાહ**
  (પ્રમુખશ્રી, શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ)

## અતિથી વિશેષ મહાનુભાવો

- **શ્રી ધનજીભાઇ પટેલ**
  (મેકસન, સુ.નગર)
- **શ્રી વર્ષાબેન દોશી**
  (માજી. ધારાસભ્યશ્રી, સુ.નગર)
- **શ્રી જતીનભાઇ એસ. શાહ**
  (એસ.કે. લોજીસ્ટીક, અમદાવાદ)
- **શ્રી ગીરીશભાઇ ડુંગરશી મારૂ**
  (ટ્રસ્ટી, કારાઘોઘા-મુંબઇ મહાજન એશીયન ઇલેક્ટ્રીક ગૃપ કંપની-મુંબઇ)
- **શ્રી નિપુલભાઇ નરેન્દ્રભાઇ દેસાઇ**
  (ન્યુ ઇન્ડીયા ઇલેક્ટ્રીકલ્સ, બૈંગલોર)
- **શ્રી સુરેન્દ્રભાઇ હીરજી શેઠીઆ**
  (દેઢીયા પેપર માર્ટ, મેનેજીંગ ટ્રસ્ટ્રી-ખજાનચી શ્રી કારાઘોઘા મહાજન-મુંબઇ)
- **શ્રી વશરામભાઇ વાલજીભાઇ દેત્રોજા**
  (જાણીતા સામાજીક કાર્યકર, મોરબી)
- **શ્રી રજનીકાંતભાઇ ભાયાણી**
  (Director, Hi Nuc Engg. Pvt. Ltd, Ahemdabad)
- **શ્રી દિલીપભાઇ પ્રેમજી છેડા**
  (છેડા બિલ્ડર્સ, ઉપપ્રમુખશ્રી કારાઘોઘા મહાજન-મુંબઇ)
- **શ્રી કાંતિલાલ ધનજી દેઢીયા**
  (KVO કેન્દ્રીય મધ્યસ્થ કારોબારી સમીતી સભ્ય, મુંબઇ)
- **શ્રી સિધાર્થભાઇ જોષી**
  (ગણેશ સિમેન્ટ, મોરબી)
- **શ્રી જયંતિલાલ પ્રેમજી મારૂ**
  (પ્રેસીડેન્ટ ગોરેગામ કેમીસ્ટ એસોશીએશન, મુંબઇ)
- **શ્રી કિશોરસિંહજી જાડેજા**
  (જાણીતા સામજીક કાર્યકર, મોરબી)

Classic STEEL MUMBAI PROP. Kantilal Maru (Gijubhai)

Classic STEELS
PROP. Kantilal Maru (Gijubhai)

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગર આયોજીત કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા-માટુંગા ''ક્લાસીક અંધકન્યાઓનો ૨૬ મો લગ્નોત્સવ''

# ॥ માંગલિક પ્રસંગો ॥

તા. ૨૬-૦૧-૨૦૨૦, રવિવાર

**શ્રેષ્ઠીઓના સન્માન અને એવોર્ડ વિતરણ**
સવારે ૧૦-૦૦ કલાકે

| | | |
|---|---|---|
| **મનપસંદ નાસ્તો** સવારે ૭-૦૦ કલાકે. | **વરઘોડો** સવારે ૮-૦૦ કલાકે. | **સામૈયુ** સવારે ૮-૩૦ કલાકે. |
| **હસ્ત મેળાપ** સવારે ૯-૩૦ કલાકે. | **સ્વરૂચિ ભોજન** બપોરે ૧-૦૦ કલાકે. | **વિદાય વેળા** બપોરે ૨-૩૦ કલાકે. |

**શુભ સ્થળ:** સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ- દાદા ભગવાનના મંદિર પાસે, મુળી રોડ,
સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦. ફોન નં. ૭૦૯૬૬ ૦૯૯૧૫, ૮૭૫૮૬ ૭૧૮૬૩, ૭૬૯૮૭ ४૩૦૯૩
શ્રીમતિ મુકતાબેન પી. ડગલી મો. ૯४૨૯૨ ૮૦૦૩४, શ્રી પંકજભાઈ કે. ડગલી મો. ૯४૨૬૨ ४૫૩૭૩

## પ્રભુતામાં પગલા પાડતા નવદંપતિઓ

**૧** **ચિ. પાયલબેન**
વિનુભાઇ ચૌહાણ
મુ. સણોસરા, જી. ભાવનગર



**ચિ. સંજયભાઈ** **૧**
ખુમાનસિંહ વાઘેલા
મુ. મંજુસર, જી. વડોદરા

**૨** **ચિ. રેખાબેન**
અમરશીભાઇ મુછડીયા
મુ. પીપડીયા, જી. મોરબી



**ચિ. શૈલેષભાઈ** **૨**
પોપટભાઇ મોરી
મુ. પાટણવાવ, જી. રાજકોટ

**૩** **ચિ. ધનીબેન**
રણછોડભાઇ તડવી
મુ. ઉંડવા, જી. નર્મદા



**ચિ. વિપુલભાઈ** **૩**
ગોરાભાઇ રાઠોડ
મુ. જુના જસાપર, જી. સુરેન્દ્રનગર

**૪** **ચિ. મંજુબેન**
કરશનભાઇ મકવાણા
જી. સુરેન્દ્રનગર



**ચિ. શ્યામજીભાઈ** **૪**
ગેલાભાઇ ચાંચીયા
મુ. નાના માચીયાળા, જી. અમરેલી

**૫**
**ચિ. વર્ષાબેન**
રસીકભાઈ વણકર
મુ. ઘંઘોડા, જી. છોટા ઉદેપુર



**ચિ. કાળુભાઈ**
હિંમતભાઈ રાઠોડ
જી. ભાવનગર
**૫**

**૬**
**ચિ. અરૂણાબેન**
રવજીભાઈ પરમાર
જી. રાજકોટ



**ચિ. ચનાભાઈ**
સાજણભાઈ મકવાણા
મુ. બાપોદર, જી. પોરબંદર
**૬**

**૭**
**ચિ. મધુબેન**
બેચરભાઈ સોલંકી
મુ. ચરેડ, જી. ખેડા



**ચિ. કાળુભાઈ**
મોહનભાઈ ઝાલા
મુ. હાથનોલી, જી. ખેડા
**૭**

**૮**
**ચિ. નિલમબેન**
કાળુભાઈ વસાવા
મુ. સાબુટી, જી. નર્મદા



**ચિ. સંજયભાઈ**
વિઠુભાઈ લહેવા
મુ. ગાંગડા, જી. ગીર-સોનાથ
**૮**

**૯**
**ચિ. વર્ષાબેન**
રાણાજી ઠાકોર
મુ. આલમપુરા, જી. સુરેન્દ્રનગર



**ચિ. મુન્નાભાઈ**
ગોવિંદભાઈ સુરેલા
મુ. ભલગામ, જી. સુરેન્દ્રનગર
**૯**

**૧૦**
**ચિ. કાંતાબેન**
લાલાભાઈ બામણીયા
મુ. કોતરા, જી. મહીસાગર



**ચિ. દિનેશભાઈ**
કાળુભાઈ આમલીપાર
મુ. સીમલીયા, જી. મહીસાગર
**૧૦**

**૧૧**
**ચિ. હિતેશ્વરીબેન**
પ્રેમચંદભાઈ બારોટ
મુ. કજણહરી, જી. વલસાડ



**ચિ. હસમુખભાઈ**
ગીરધરભાઈ વાળા
મુ. રામપર સરવા, જી. ભુજ
**૧૧**

**૧૨**
**ચિ. શાંતાબેન**
જયચંદભાઈ પંચાલ
મુ. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા



**ચિ. કિશનભાઈ**
ચેનારામ પુરોહીત
જી. અમદાવાદ
**૧૨**

**૧૩**
**ચિ. રંજનબેન**
ઠાકરશીભાઈ ઉંડેસા
મુ. સુજાનગઢ, જી. સુરેન્દ્રનગર



**ચિ. વસંતભાઈ**
મોતીભાઈ પટેલ
મુ. ઉકરડી મુવાડા, જી. ખેડા
**૧૩**

PROP. Kantilal Maru (Gijub

Classic STEELS
MUMBAI 04
PROP. Kantilal M

# અંધજનોના લગ્ન કરવામાં ઉભી થતી અડચણો

આપ જાણો છો કે છેલ્લા ઘણા વર્ષો થી આપણી સંસ્થા અંધ જનોના લગ્ન કરે છે. જગતમાં ઘણી જગ્યાએ સમુહ લગ્ન થાય છે. પણ લગ્ન થયા પછી લગ્ન ગાંઠે બંધાનાર વર-કન્યાઓના સુખી કે દુ:ખી સંસાર જીવનની કોઇ પાસે માહીતી હોતી નથી. તેથી આપણી સંસ્થાનું કામ વિશિષ્ટ છે. આપણો લગ્ન પછી પણ આ વર-કન્યાઓ સાથેનો નાતો અતુટ રીતે બંધાયેલો રહે છે. આ કન્યાઓ પરણીને સાસરે ગયા પછી પણ સંસ્થાને પોતાનું પીયર માનીને આવે છે અને સંસ્થા તેની યોગ્ય રીતે આગતા-સ્વાગતા પણ કરે છે. સંસ્થા જે કરે છે તેની સામે વાલીઓની ફરજ નગણ્ય છે. નેત્રહીન ભાઇ-બહેનો બચપણથી જ સમાજના ખર્ચે ભણતા હોવા છતા વાલીઓ જ્યારે ખરો સમય આવે છે ત્યારે અંધને ઉપયોગી થવા કરતા નડતર રૂપ વધારે થાય છે. આ અંધ જનોના લગ્ન કરવામાં કેટલી સમસ્યાઓ છે તેની વિગત આ લગ્ન વિશેષાંક હોય પ્રસ્તુત કરતા અનંદ અનુભવિએ છીએ.

(૧) અંધ યુવકના માતા-પીતા કમાતા અંધની પુરી આવકનો લાભ મેળવવામ માટે અંધ દીકરાને પરણાવવા રાજી નથી હોતા.

(૨) કમાનાર અંધ યુવકો ઘર અને પરીવારથી એટલા ભય ભીત હોય છે કે તેઓ પરીવાર નો વિરોધ કરી લગ્ન જીવનમાં ગોઠવાઇ શકતા નથી. અને પરીવાર તરફથી મળતી લાલચ અને હૈયા ધારણની આશાએ જીવી જાય છે.

(૩) આપણા દેશમાં પડેલી જ્ઞાતી પ્રથા આજે પણ નાબુદ થઇ નથી. અને જ્ઞાતીના બંધનોને કારણે અંધ દીકરા દીકરીના મા-બાપ જ્ઞાતીની દ્રષ્ટીએ ઉંચ નીચના ભેદ-ભાવ આગળ ધરીને અંધ જનોને પરણવાની છુંટ આપતા નથી. નિમ્ન જ્ઞાતી સ્તર ધરાવતા લોકો તેમના જ જ્ઞાતી સમુહમાં ઉચ્ચ નીચની અનુભુતિ કરે છે. આવા નિમ્ન જ્ઞાતી સ્તરના લોકો ઉચ્ચ વર્ણમાં જવા તૈયાર નથી.

(૪) કેટલીક અંધ કન્યાઓએ સમકક્ષ જ્ઞાતીમાં લગ્ન કરવાની વાત પોતાના મા-બાપને કરતા ખોટી ઇજ્જત આબરૂના મોહરા પહેરીને ફરતા મા-બાપ ત્થતા ભાઇ-બહેનોએ અંધ કન્યાઓને શાળા માંાથી લઇ જઇ ઘરમાં નજર કેદ રાખી છે. તેને કોઇને હળવા-મળવાની કે ટેલીફોન કરવાની પણ છુંટ મળતી નથી. આવી અંધ બાળાઓના રૂંધાતા જીવનની હાઇ તેના પરીવારને લાગ્યા વિના રહે ખરી ?

(૫) અંધ કન્યાઓ માટે મુશ્કેલી થી મળતા સારા મુરતીયાઓની મુલાકાત ગોઠવવાનો સમય આવે છે ત્યારે અંધ કન્યાના માતા પીતા કે ભાઇ-બહેન હમણા સમય નથી તેમ કહીને વાતને ટાળી દે છે. તેમને મન અંધ દીકરા કે દીકરીના લગ્નનું કોઇ મહત્વ હોતું નથી. અને તેઓ જ્યારે સમય કાઢી શકે એમ હોય ત્યારે આપણા લગ્નોત્સવની તારીખ પુરી થઇ જાય છે.

(૬) કેટલાક મા-બાપ કન્યાને દાખલ કર્યા પછી એકેય વખત તેને મળવા આવ્યા નથી. જ્યારે લગ્નની વાત કરી એ ત્યારે તેઓ કહે છે કે ''તેતો અમને દુર પડે અમે એટલે આઘે કેવી રીતે જઇએ ?''

(૭) કમાતા અંધ છોકરાઓ બને ત્યા સુધી અંધ છોકરી સાથે લગ્ન કરવા રાજી હોતા નથી. જ્યારે તે અંધ કન્યા સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે ત્યારે તેની ઉંમર ૩૮થી ૪૦ વર્ષની થઇ ગઇ હોય છે. આ ઉંમરે તેના માટે કન્યા મળવી અઘરી હોય છે. આમ છતા આ વખતના લગ્નોત્સવમાં એક કે બે કન્યાઓએ સાત, આઠ કે દશ વર્ષની ઉંમરનો ફાંસલો સ્વીકારીને લગ્ન કરવાનું નક્કી કરી લીધુ છે.

(૮) અંધ પુરુષને અંધ સ્ત્રી રસોઇ કે ઘર કામ કરી શકશે તેવી શ્રધ્ધા હોતી નથી. તેથી જ્યારે તે કન્યાની મુલાકાતે આવે છે ત્યારે તેની પાસે રસોઇ કરાવવી પડે છે. જેમ અભીમન્યુએ સાત કોઠા વિન્ધયાં હતા અને જુના વખતમાં રાક્ષસોને મારવા માટેની કલ્પીત વાતોમાં જુદી-જુદી સાત જગ્યાઓ માથી પસાર થયા પછી પીંજરામાં રહેલા પોપટને મારવાથી રાક્ષસના મૃત્યુ થતા હતા તે રીતે અંધ કન્યાઓને પણ જુદી-જુદી પરીક્ષાઓમાંથી પસાર થયા પછી વરની પ્રાપ્તી થાય છે. જેમાં પહેલુ ચરણ છે માહીતી, બીજું ચરણ જ્ઞાતી પ્રથા, ત્રીજું ચરણ ઉંચાઇની સમાનતા, ચોથું ચરણ દેખાવ, પાંચમું ચરણ રસોઇની કુશળતા, છઠ્ઠુ ચરણ વાલીની મંજુરી, સાતમું

(અનુસંધાન પેજ નં. ૧૫ પર)

# ૨૬ માં લગ્નોત્સવની વિશેષતાઓ

સંસ્થા દ્વારા દરવર્ષે યોજાતા અંધકન્યાઓના લગ્નોત્સવની વિવિધ વિશેષતાઓ આપણને જોવા મળે છે. આ વર્ષે પણ અંધકન્યાઓના શ્રી કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા, હાલ, માટુંગા, મુંબઇના સૌજન્યથી આ બીજી વખત લગ્નોત્સવ યોજાઇ છે. આમ તો એકજ દાતા તરફથી યોજાતા આ ત્રણ લગ્નોત્સવ પૈકીના બે લગ્નોત્સવના સૌજન્ય દાતા તરીકે શ્રી ગીજુભાઇએ અનોખી સખાવત કરી છે. તે ખરેખર નોંધનીય બાબત છે.

(૧) શ્રી ગીજુભાઇ મારૂ તરફથી આ બીજી વખત સમુહ લગ્નોત્સવ યોજાઇ છે તે આ લગ્નોત્સવની પાયાની વિશેષતા છે.
(૨) આ વર્ષે યોજાતા લગ્નોત્સવમાં જોડાનાર મંજુ અને સામજી સારા સંગીતજ્ઞ અને ગાયક છે. શ્રી શ્યામજી અમરેલી જીલ્લાના માચીયાળા ગામે રહે છે અને કાર્યક્રમો કરી તેમનો જીવન નિર્વાહ ચલાવે છે. તેમાં મંજુનો મધુર અવાજ ભળતા કાર્યક્રમની રોનક વધશે અને આ નવદંપતિની આવકમાં પણ વધારો થશે. તેવી પુરી શક્યતા છે.

(૩) આ વર્ષે યોજાનાર લગ્નોત્સવમાં મંજુ શ્યામજી, વસંત રંજન, કિશન અને શાંતા ત્રણ દંપતિઓ એવા છે જેઓ ૩૫ વર્ષથી ઉપરની ઉંમરના છે અને લગભગ ૪૦ વર્ષના આળેગાળે પહોચવાની તૈયારીમાં છે ત્યારે યુવાનીના આથમતા સુરજના સાથી બનીને પરણનાર આ બંને વરકન્યા તેમના જીવનમાં સુખી થશે અને વાનપ્રસ્થમાં પ્રવેશતા પ્રવેશતા તેમના જીવનના ધન્ય દિવસો તેઓ કુશળતાથી પસાર કરી શકશે.

(૪) આ લગ્નોત્સવમાં જ્ઞાતિ, જાતીના વાડા તુટયા છે. શૈલેષ મોરીએ પટેલ હોવા છતાં સંસ્થાની તેજસ્વી બાળા રેખા મુછડીયા જ્ઞાતિએ વણકર છે છતાં બંને પક્ષે જ્ઞાતિ, જાતીના વાડેને છોડી સમાધાનકારી વલણ અપનાવી બંનેને સુખી કરવાના પ્રયાસ કર્યા છે. આ વાત ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેવીજ રીતે શ્રી કાળુભાઇ રાઠોડ મોચી છે અને વર્ષા વણકર છે છતાં જ્ઞાતિભેદ ભુલી તેઓએ લગનગાંઠે બંધાવાનું નક્કી કર્યુ છે. આ ઉપરાંત પંચાલ જ્ઞાતિની શાંતાને બ્રાહ્મણ કિશન પુરોહીતે અપનાવીને ખુબ મોટી ક્રાંતિ કરી છે. આ સૌ વરકન્યાઓ અને તેમના વાલીઓએ જ્ઞાતિ પ્રથાને ગૌણ ગણી અંધત્વને પ્રાધાન્ય આપ્યુ છે. મારી દ્રષ્ટીએ તો અંધમાં કોઇ જ્ઞાતિ, જાતીના ભેદ હોવા જ ન જોઇએ. ઇશ્વરે અંધાપો આપીને એક અનોખા સમુહમાં જ્યારે પ્રજ્ઞાચક્ષુઓને મુક્યાં છે ત્યારે પ્રજ્ઞાચક્ષુના વાલીઓએ પણ આ બધા વાડાઓને છોડીને પ્રજ્ઞાચક્ષુ વરકન્યાને પ્રસન્નતાથી પરણવાની પરમીશન આપવી જોઇએ. જે વાલીઓ આ વાત નથી સમજી શકતા તે ખરેખર પ્રજ્ઞાચક્ષુઓને મોટો અન્યાય કરે છે.

(૫) આ વખતના ગીજુભાઇ મારૂના અનોખા લગ્નોત્સવમાં હિતેશ્વરી સંપૂર્ણ અંધ છે અને હસમુખ અલ્પદ્રષ્ટી ધરાવનારો મુરતીયો છે. એવી જ રીતે રંજન સંપૂર્ણ અંધ છે જ્યારે વસંતને પરમ કૃપાળુ પરમાત્માએ થોડી દ્રષ્ટી આપી છે. શાંતા અને કિશનનું પણ એવું જ જોડું છે. તેથી વરરાજાઓ તેમની અલ્પદ્રષ્ટીને પરીણામે તેમનુ જીવન સંપૂર્ણ અંધજનો કરતા થોડી સરળતાથી જીવી શકશે. જો અલ્પદ્રષ્ટા ભાઇ-બહેનો પ્રજ્ઞાચક્ષુ વરકન્યાઓને અપનાવે તો ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી શકે તેમ છે.

(૬) આ વર્ષે ઉમરગામ ખાતે આપણું જે એકમ કાર્યરત છે તે ડો. ગોપાલજી મણશી ભિમશી છાડવા પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્રના શ્રી વસંતભાઇ પરણવાની પહેલ કરી રહ્યાં છે. તેથી ઉમરગામના એકમમાં પ્રજ્ઞાચક્ષુ નવવધુનો પ્રવેશ થતા અન્ય કામદાર યુવકોને પણ પરણવાની પ્રેરણા મળશે. ઉમરગામમાં રાજસ્થાનના શ્રી જસરાજજી પ્રજ્ઞાચક્ષુ હોય રોજી કમાવા આવ્યા છે તેના પત્નિ પણ પ્રજ્ઞાચક્ષુ હોય તેમની સમસ્યાઓને ધ્યાને લઇ તેની પાસેથી રસોડાની થોડી કામગીરી કરાવી આપણે તેમને રહેવા જમવાની સગવડ આપીએ છીએ. અને તેમની આવક તેમના બંને સંતાનો માટે તેઓ રાજસ્થાન તેમના વતનમાં મોકલે છે. હવે ઉમરગામમાં પણ આ નેત્રહીન દંપતિઓ માટે ફ્લેટના નિર્માણ કરવાની જરૂર છે.

આ રીતે વિશેષતાઓની વણજાર સાથે લગ્નોત્સવ રંગે ચંગે પૂર્ણ થશે અને શ્રી ગીજુભાઇ મારૂના ગીતો ગાતા ગાતા પ્રજ્ઞાચક્ષુ દંપતિઓ આનંદે ઉમંગે પોત પોતાના ઘેર જશે. તેમના મનમાંથી સંસ્થાની, સંસ્થા પરીવારની તથા ગીજુભાઇ જેવા મહાન વ્યક્તિઓની સ્મૃતિ ક્યારેય ખસશે નહી. પરમ કૃપાળુ પરમાત્મા સર્વ નવદંપતિઓને સુખાકારીપૂર્ણ જીવન આપે એજ અંતરની પ્રાર્થના.....

લિ.પંકજ કે.ડગલી.

# ''ધન્યતાનું ગીત''

ગાઇ ગીત હું ગીજુ તમારા ધન્ય થયો છું આજ,
આ અવનીએ કઇંક જીવોની તમે રાખી છે લાજ.

ઉત્તમ કામ તમારા જોઇ પ્રભુ અતિ છે રાજી,
પ્રભુતામાં પગલાં માંડીને કઇંક જીવો છે રાજી,
સંસાર વસાવી કઇંક જીવોના તમે સજાવ્યા સાજ.............ગાઇ ગીત હું ગીજુ તમારા.........(૧)

વહાલ કેરો દરીયો દીકરી તમે દિલમાં સમાવ્યો,
વિશાળ દિલ દાતા છે તું પુન્ય ઘણા છો કમાયો,
કિર્તિ તમારી વિશ્વે વ્યાપી તમે થયા શિરતાજ..................ગાઇ ગીત હું ગીજુ તમારા.........(૨)

આંખ વિનાની દિપમાળાના તમે દિધા છે કન્યાદાન,
આ બાળાને લાડ લડાવી તમે તમારી વધારી શાન,
પ્રજ્ઞાચક્ષુ આનંદે અનોખા તેના દિલમાં આનંદ આજ............ગાઇ ગીત હું ગીજુ તમારા.........(૩)

પરીવાર તમારો પ્રેમનો સાગર કલ્પા છે ઘર ઢાંકણ,
કઇંક જીવોને પ્રેમે જમાડી દિધા છે દાન અન્નકણ,
તમે મળ્યાનો આનંદ અમને તમે અમ શિરતાજ...............ગાઇ ગીત હું ગીજુ તમારા.........(૪)

ધરા કચ્છ મહામુલી છે કારાઘોઘા તમ ગામ,
કઇંક જીવોના ઘર વસાવી તમે બનાવ્યા અગણિત ધામ,
મુંબઇ નગરે વસી તમે તો ધન્ય ધન્ય છો આજ..............ગાઇ ગીત હું ગીજુ તમારા.........(૫)

લિ. પંકજ કે. ડગલી

Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

# ગુમાનને ગૌણ ગણી ગમગીનોને ગૌરવ અપાવનાર ગીજુભાઇની ઉદારતાનું અનોખું નજરાણું

દરેક માણસ પોતાના ગજા પ્રમાણે કામ કરે છે. ઘણા માણસોનું કામ ગજા ઉપર વટનું પણ જોવા મળે છે અને જગતમાં કેટલાય માણસો એવા પણ છે કે તે પોતાના ગજા પ્રમાણે પણ કામ કરી શક્તા નથી. આ ત્રણેય સ્તરના માણસોમાંથી જ્યારે કોઇના દ્વારા ગજા ઉપરવટનું કામ થાય ત્યારે પણ આપણે કહીએ છીએ કે ''ગજબ કર્યો'' જ્યારે કોઇ માણસ ગજા પ્રમાણેની કામગીરી નથી કરતો ત્યારે પણ આપણે કહીએ છીએ કે '' આ માણસ ગજબ છે'' પ્રભુએ દીધેલુ વાપરી શકતો નથી. પણ આ જગતમાં એવા અદ્વિતીય માણસો વસે છે કે જેનું ગજવું અઢળક નાણું વાપરવા છતાં ક્યારેય ખાલી થતુ નથી. આવા માનવો ઉદારદિલે વાપરે છે અને પ્રભુ તેને ઉદારતાથી આપે છે.

ગીજુભાઇ મારૂ ઉર્ફે શ્રી કાંતીભાઇ પ્રેમજીભાઇ મારૂ પણ એક એવા જ માનવ છે કે જે ઇશ્વરે આપેલી સંપતિને વાપરતા થાકતા નથી. વિદ્યા માટે એવું કહેવાય છે કે વિદ્યા વાપરીએ તેમ વધે છે. તે રીતે ગીજુભાઇ જેવા માનવીને જોઇએ છીએ ત્યારે પણ આપણને એમ લાગે છે કે ધન પણ વાપરવાથી વધે છે. જે બિજાના માટે વાપરે છે તેને પરમાત્મા વધુને વધુ ધન સંપતિ આપે છે. શ્રી ગીજુભાઇએ તો મારી દ્રષ્ટીએ ગજબ કર્યો છે. એટલે જ જાણીતા ગઝલકાર અને પ્રસિધ્ધ એન્કર શ્રી શોભીત દેસાઇ અને દિગદર્શક અને ફિલ્મ પ્રોડ્યુસર શ્રી લતેશ શાહ (ચિત્કાર ફિલ્મ ફેમ) ગીજુભાઇ માટે કહેતા આવ્યા છે કે ''ગીજુ જેવું નહી કોઇ બીજુ'' તે ખરેખર યથાર્થ, સચોટ અને યોગ્ય છે. ગીજુભાઇ જેવા માનવીનો જગમાં જોટો મળવો અઘરો છે. આ કંકોત્રીમાં જેટલા વરકન્યાના નામ છે તેટલા અંધ વરકન્યાને તેઓ તેમના ખર્ચે પરણાવવાના છે. આ કામમાં કોઇ કસર રહે નહી તેવી નોંધ ગીજુભાઇ અમને વારંવાર કરાવે છે. આ કન્યાઓના કન્યાદાનનો લાભ પણ શ્રી ગીજુભાઇ તેમના સગાં-સ્નેહીઓ અને વ્યાપારી મિત્રોને આપવાના છે. તે પણ તેમની અદ્‌ભુત ઉદારતા ગણાય. આ દીકરીઓને કપડા, ફર્નિચર, પંખા, મિક્ષચર, ગાંદલા પલંગ, વાસણો તથા આ પત્રિકામાં દર્શાવેલી તમામ ચિજવસ્તુઓની યાદી આપ સૌના વંચાણ માટે મુકી છે તે યાદી ઉપરાંત મંડપ, સ્ટેજ, સાઉન્ડ, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી અને તા. ૦૩,૦૪ ફેબ્રુઆરીનો ચા-નાસ્તા અને જમણવારનો ખર્ચ શ્રી ગીજુભાઇ તરફથી થનાર છે. ખુબ ઉદારદિલે શ્રી ગીજુભાઇએ અંધજનોને તેમના દિલમાં સમાવી લીધા છે. તેમના પરીવારના સભ્યોનો પણ તેમનો પુરતો સહકાર છે. શ્રી ગીજુભાઇના અદ્વિતીય વિકાસમાં શ્રી કલ્પાબેનનો અદ્વિતીય ફાળો છે. શ્રી ગીજુભાઇ ખુબ ધન સંપતિ ધરાવતા હોવા છતાં તેમની સાદગી આપણા સૌ માટે પ્રેરણાદાયી છે. નાની વાતો પર ઉંડાણ પૂર્વક વિચારી તેનુ અમલીકરણ કરવું તે ગીજુભાઇની વિશેષતા છે. શ્રી ગીજુભાઇ બત્રીસ પ્રકારના ભોજન અને તેત્રીસ પ્રકારના શાક ખાવા માટે સમર્થ હોવા છતાં સુકી રોટલી ખાતા પણ તેઓ ખચકાતા નથી. જ્યાં જાય છે ત્યાં સૌને પ્રસન્ન કરે છે અને આનંદીત કરે છે. એકલા ન ખાતા તેઓ જગતને ખવડાવે છે. મુંબઇ જેવી મહાનગરીમાં રહેતા હોવા છતાં શ્રી ગીજુભાઇ દાતણના હિમાયતી છે. દાતણ ઉપર પી.એચ.ડી કરી શકે તેટલું જ્ઞાન તેમની પાસે છે. તે તેમની સાથે થયેલ વાતો પરથી અમે જાણ્યું. ગત લગ્નોત્સવમાં મોરબી અને સુરેન્દ્રનગર શ્રી ગીજુભાઇનું આગમન થયુ હતું. ત્યારે જ તેમણે અમારી સાથે વાત કરીને ૨૦૧૮ ના લગ્નોત્સવના ખર્ચનું વચન આપ્યું હતું અને આ વર્ષે પણ ૨૦૨૦ માં તેમના તરફથી જ અનોખો ભવ્ય લગ્નોત્સવ યોજાનાર છે.

આજના આ યુગમાં ૧૦, ૧૫ લાખ રૂપિયા આપનાર દાતાઓ મકાનો પર નામ રાખવાની શરતે રૂપિયા આપે છે. પણ આવા દીકરીઓના લગન માટે આટલી મોટી રકમ આપનાર દાતા મે ૬૨ વર્ષે પહેલીવાર જોયા છે. તેથી હું અનોખી ધન્યતા અનુભવું છું. પ્રેમજીભાઇએ ખરેખર શ્રી કાંતીભાઇ (ગીજુભાઇ)ને સાચા અર્થમાં પ્રેમનો વારસો આપ્યો છે અને તેથી તેમને જગતને પોતાનું કર્યુ છે. તેમની મારૂ અટક મારાપણાની સુચક છે અને જે જગતને પોતાનું સમજે છે તેજ જગત માટે કંઇક વાપરી શકે છે. ત્યાગવું અઘરુ છે. ત્યાગી શકે તેજ આપી શકે છે. તેમની આટલી વ્યસ્તતા વચ્ચે તેઓ અમારી સાથે વિચારણા કરવા મુંબઇથી સુરેન્દ્રનગર આવ્યા તે જ તેમની મહાનતા છે. તેઓએ જો અમને મુંબઇ આવવાનો આદેશ કર્યો હોત તો અમે પ્રેમથી જાત પણ તેમના મનમાં ચોક્કસપણે અમને તકલીફ ન આપવાનો વિચાર આવ્યો જ હશે. તેવી મને પુરેપુરી ખાત્રી છે. અમે મુંબઇ જ્યારે ગયા છીએ ત્યારે બે થી ત્રણ વખત શ્રી ટેકચંદભાઇ સાથે તેમના ઘેર પણ ગયા હતા. ત્યારે પણ તેમને કરેલી આગતા-સ્વાગતા આજે પણ ભુલી શકાય તેમ નથી. આવા મહામાનવનો પરીચય અંધ કન્યાઓના સુખના સુર્યોદય સમો ભાગ્યવંતો બની ગયો. એક દુહા માં કહ્યુ છે તે પ્રમાણે ગુરુ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય, બલીહારી ગુરૂ આપકી ગોવિંદ દીયો બતાય. ગીજુભાઇને સંસ્થા સાથે જોડવામાં શ્રી ભાગ્યવંતભાઇ ગાલાની મોટી ભુમિકા છે. શ્રી ભાગ્યવંતભાઇ બે વાર સંસ્થા પરીસરમાં યોજાયેલ લગ્નોત્સવમાં હાજરી આપી ચુક્યા છે અને એક વખત એક કન્યાના કન્યાદાનનું સૌજન્ય પણ તેમના તરફથી મળ્યું છે. તેથી તેમને અંધ કન્યાઓના લગ્નોત્સવની સાર્થકતા દેખાતા શ્રી ગીજુભાઇ સાથે ટેકચંદભાઇને જોડયા અને ટેકચંદભાઇ તથા ગીજુભાઇનો પરીચય થતા ગીજુભાઇના મનમાં અંધ કન્યાઓના સમુહ લગ્નોત્સવ માટે ભાવના જાગી. પરીણામે શ્રી ગીજુભાઇ ૨૦૧૭ ના લગ્નોત્સવમાં પધાર્યા અને તેને પરીણામે તેમના મનમાં અંધ કન્યાઓને પરણાવવાનો ભાવ પ્રબળ થયો. તેથી આ વર્ષે આ પુન્ય યજ્ઞમાં ભાગ લેવા માટે બીજી વખત તેઓ સહમત થયા. આવા અદ્રીતીય દાતા સંસ્થાને પ્રાપ્ત થયા છે. તે શ્રીમાન ભાગ્યવંતભાઇને આભારી છે. શ્રી ભાગ્યવંતભાઇ ગાલાએ સંસ્થા પરીવાર સાથે જોડાયેલ દાતાઓની માળામાં મહામુલા મણકાનો ઉમેરો કર્યો છે. તેથી સંસ્થા શ્રી ભાગ્યવંતભાઇની આભારી છે. આવા ગુલાબી સ્વભાવના ગીજુભાઇને પરમકૃપાળુ પરમાત્મા તંદુરસ્તી પ્રદ દિર્ધાયુ બક્ષે એજ પ્રાર્થના.....

લિ.પંકજ કે.ડગલી

| ક્રમ | વસ્તુનું નામ |
|---|---|
| ૩૨ | એલ્યુમીનીયમનું ૧-નાનું તથા ૧-મોટું કુલ ૨-નંગ લોયા |
| ૩૩ | સ્ટીલની કથરોટ ૧-નંગ (લોટ બાંધવાની) |
| ૩૪ | સ્ટીલનો ત્રાંસ ૧-નંગ |
| ૩૫ | થાળી-૧૨, વાટકી-૧૨, શાકની પ્લેટ-૧૨, ગ્લાસ -૧૨, ચમચી-૧૨ |
| ૩૬ | સૌથી નાનો ૧-કીલોનો એવા ૬-ગોળ ડબ્બાનો સેટ |
| ૩૭ | ઘસીને વાસણ મુંકવાની સ્ટીલની ખાટલી |
| ૩૮ | રોટલી શેકવા માંટેની એલ્યુમીનીયમની હેન્ડલવાળી લોઢી |
| ૩૯ | શાકભાજી તથા ફ્રુટ મુંકવા માંટે સ્ટીલના સ્ટેન્ડ-૨ |
| ૪૦ | ઠંડા પાણીની સ્ટીલની બોટલ |
| ૪૧ | ૨ કીલો તેલ સમાય તેવી બરણી તથા ૧ કીલો ઘી સમાય તેવી બરણી કુલ ૨ બરણી |
| ૪૨ | નાસ્તાની સ્ટીલની ડીશ નંગ-૬ |
| ૪૩ | કોપર લોયુ |
| ૪૪ | બેસવાનો પાટલો (સ્ટીલનો) |
| ૪૫ | ચા-ખાંડ, મસાલાના ડબ્બા નંગ-૩ |
| ૪૬ | નોન સ્ટીક લોઢી (ઢોંસાની) |
| ૪૭ | ૬ તપેલી છીબા સાથે સેટ |
| ૪૮ | સર્વિન્ગ બાઉલ સ્ટીલના ૩ નો સેટ |
| ૪૯ | ચીલી કટર |
| ૫૦ | માં માટલાની આઇટમ- સ્ટીલની કોઠી ( ૧૮ની સાઇઝની ટાંકી), તોરણ |
| ૫૧ | કંસારના વાસણનો સેટ |
| ૫૨ | બ્લેન્ડર |
| ૫૩ | ઇસ્ત્રી |
| ૫૪ | મિક્ષ્ચર |
| ૫૫ | પંખો |
| ૫૬ | અંધ વ્યક્તિને સારી રીતે ઉપયોગમાં આવેતે માંટે મ્યુઝીક ડંકાવાળી દિવાલ ઘડિયાળ |
| ૫૭ | સ્ટીલના ગ્લાસ નંગ-૬ ( ડીઝાઇન વાળા ) |
| ૫૮ | સ્ટીલના કપ-રકાબી નંગ -૬ ( ચા-કોફી માટે ) |
| ૫૯ | ઠંડુ પાણી રે એવા નળ વાળો જગ પ્લાસ્ટીકનો (મિલ્ટેન કંપનીનો) |
| ૬૦ | બાથરૂમસેટ (ડોલ, ટમ્બલર, સાબુદાની, બ્રશ, તથા ઉલીયાનું સ્ટેન્ડ, પાટલો) |
| ૬૧ | ૧-કિલોની બરણી એવી પ્લાસ્ટીકની-૧૨ બરણીનો સેટ |
| ૬૨ | ડબલ કપડા વાળુ પાણીનું ગળણું |
| ૬૩ | પ્લાસ્ટીકની બોટલ નંગ-૩ |
| ૬૪ | ગરમ ચા-દુધ માંટે થર્મશ |
| ૬૫ | મુખવાસ દાની |
| ૬૬ | સોય દોરાનો ડબ્બો |
| ૬૭ | ૧ કન્યા દિઠ બેસવા માંટે પ્લાસ્ટીકની ખુરશી (૪-નંગ) |
| ૬૮ | એકસેલ કંપનીની ૨૪ ની સાઇઝની સુટકેશ |
| ૬૯ | કપડા માંટેની ટ્રોલી બેગ |
| ૭૦ | કપડા માંટેનો બગલ થેલો નંગ-૧ |

| ક્રમ | વસ્તુનું નામ |
|---|---|
| ૭૧ | કટલેરી |
| ૭૨ | ટુવાલ સેટ (ટુવાલ-૨, નેપકીન-૨) |
| ૭૩ | ૪/૬ના ગાદલા ઉપર થઇ જાય એવો ઓછાડ (ગાદલા પર પાથરવાની ચાદર અને ઓસીકા-૨ કવરનો સેટ) |
| ૭૪ | બ્લેન્કેટ ડબલ બેડનાં |
| ૭૫ | સોલાપુરી ચાદર નંગ-૨ |
| ૭૬ | ગરમસાલ, સ્વેટર તથા સ્કાફ |
| ૭૭ | ૩/૬ની શેતરંજી અથવા ગાલીચો (જમીન પર પાથરવા માંટે) |
| ૭૮ | આશન નંગ-૧૨ |
| ૭૯ | પાનેતર સાથે ૧૧ જોડી સાડી બ્લાઉઝ, ચણીયા સાથે |
| ૮૦ | ૫-જોડી ડ્રેસ |
| ૮૧ | ૪/૬ નો પેટી પલંગ ૧-ગાદલું ૨-ઓશીકા |
| ૮૨ | ટીપોઇ (વુડન ટીપોઇ) |
| ૮૩ | તિજોરી કબાટ (ફુલ સાઇઝ) |
| ૮૪ | સોનાની બુટી |
| ૮૫ | નાકની ચુક |
| ૮૬ | ચાંદીનું મંગલ સુત્ર |
| ૮૭ | ચાંદીની પાયલ |
| ૮૮ | ડીનર સેટ |
| ૮૯ | પગના વેઢ |
| ૯૦ | ફ્રિજ (૧૯૦ લીટર) |

(અનુસંધાન પેજ નં. ૯ નું શરૂ)

ચરણ સુમધુર અવાજ, આઠમું ચરણ અલ્પ દ્રષ્ટી પણું આ બધા ચરણ માથી પસાર થવું અને પસાર કરવું ઘણું અઘરુ કામ છે. અંધ કન્યાઓના વાલીઓને મુરતીયાના ઘર બતાવવા માટે સંસ્થાના ખર્ચે લાઇજવા પડે છે. અથવા વર રાજાને મનાવીને વાલીઓને બતાવવા માટે કન્યાના ઘેર લઇ જવા પડે છે. આવા વિકટ સંજોગોમાં કેટલી તકલીફો વેઠી લગ્ન કરીએ છીએ તેતો અમારૂ મન જાણે છે. સૌ ઇચ્છે છે કે બની શકે તેટલા વધારે લગ્નો થાય પણ પાંચ લગ્ન કરવામાં પચાસ જાતની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વાલીઓ સંમતી આપીને પોતાના માથે કોઇ જવાબદારી રાખવા ઇચ્છતા નથી. બધુ અમારા ગળે વળગાડવા ઇચ્છે છે તેથી હું ચોક્કસ પણે એમ માનું છું કે તેમને કોઇ લાગણી જ હોતી નથી. પાછી આવેલી દેખતી દીકરીઓને તેમના સંતાનો સાથે માં-બાપ આખી જીંદગી સાચવે છે. પરણનાર દેખતા દીકરાઓના સંતાનોની સેવા માં-બાપ આખી જીંદગી કરે છે. પણ અંધ દીકરાના ઘર બંધાય તેમા રાજીપો વ્યક્ત કરનાર અને સમર્પણ કરનાર માં-બાપ મે ૬૨ વર્ષની ઉંમરમાં ખુબ ઓછા જોયા છે. અંધ જગતની આ વ્યથા વૃક્ષ માસીકનાં માધ્યમથી આપ સમક્ષ ઠાલવીને ઘણો હળવો થયો છું. આપનો સહકાર મળતો રહેતો હોવાથી આ કાર્ય વેગવંતુ બન્યુ છે અને અંધ જગતને સુખી કરી શકાય છે. તેને હિંમત અને બળ પુરુ પડી શકાય છે. તે આપ સૌને આભારી છે.

લિ. પંકજ કે. ડગલી

Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

| ક્રમ | વસ્તુનું નામ |
| --- | --- |
| ૭૧ | કટલેરી |
| ૭૨ | ટુવાલ સેટ (ટુવાલ-૨, નેપકીન-૨) |
| ૭૩ | ૪/૬ના ગાદલા ઉપર થઇ જાય એવો ઓછાડ (ગાદલા પર પાથરવાની ચાદર અને ઓસીકા-૨ કવરનો સેટ) |
| ૭૪ | બ્લેન્કેટ ડબલ બેડનાં |
| ૭૫ | સોલાપુરી ચાદર નંગ-૨ |
| ૭૬ | ગરમસાલ, સ્વેટર તથા સ્કાફ |
| ૭૭ | ૩/૬ની શેતરંજી અથવા ગાલીચો (જમીન પર પાથરવા માંટે) |
| ૭૮ | આશન નંગ-૧૨ |
| ૭૯ | પાનેતર સાથે ૧૧ જોડી સાડી બ્લાઉઝ, ચણીયા સાથે |
| ૮૦ | ૫-જોડી ડ્રેસ |
| ૮૧ | ૪/૬ નો પેટી પલંગ ૧-ગાદલું ૨-ઓશીકા |
| ૮૨ | ટીપોઇ (વુડન ટીપોઇ) |
| ૮૩ | તિજોરી કબાટ (ફુલ સાઇઝ) |
| ૮૪ | સોનાની બુટી |
| ૮૫ | નાકની ચુક |
| ૮૬ | ચાંદીનું મંગલ સુત્ર |
| ૮૭ | ચાંદીની પાયલ |
| ૮૮ | ડીનર સેટ |
| ૮૯ | પગના વેઢ |
| ૯૦ | ફ્રિજ (૧૯૦ લીટર) |

(અનુસંધાન પેજ નં. ૯ નું શરૂ)

ચરણ સુમધુર અવાજ, આઠમું ચરણ અલ્પ દ્રષ્ટી પણું આ બધા ચરણ માથી પસાર થવું અને પસાર કરવું ઘણું અઘરુ કામ છે. અંધ કન્યાઓના વાલીઓને મુરતીયાના ઘર બતાવવા માટે સંસ્થાના ખર્ચે લાઇજવા પડે છે. અથવા વર રાજાને મનાવીને વાલીઓને બતાવવા માટે કન્યાના ઘેર લઇ જવા પડે છે. આવા વિકટ સંજોગોમાં કેટલી તકલીફો વેઠી લગ્ન કરીએ છીએ તેતો અમારૂ મન જાણે છે. સૌ ઇચ્છે છે કે બની શકે તેટલા વધારે લગ્નો થાય પણ પાંચ લગ્ન કરવામાં પચાસ જાતની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વાલીઓ સંમતી આપીને પોતાના માથે કોઇ જવાબદારી રાખવા ઇચ્છતા નથી. બધુ અમારા ગળે વળગાડવા ઇચ્છે છે તેથી હું ચોક્કસ પણે એમ માનું છું કે તેમને કોઇ લાગણી જ હોતી નથી. પાછી આવેલી દેખતી દીકરીઓને તેમના સંતાનો સાથે માં-બાપ આખી જીંદગી સાચવે છે. પરણનાર દેખતા દીકરાઓના સંતાનોની સેવા માં-બાપ આખી જીંદગી કરે છે. પણ અંધ દીકરાના ઘર બંધાય તેમા રાજીપો વ્યક્ત કરનાર અને સમર્પણ કરનાર માં-બાપ મે ૬૨ વર્ષની ઉંમરમાં ખુબ ઓછા જોયા છે. અંધ જગતની આ વ્યથા વૃક્ષ માસીકનાં માધ્યમથી આપ સમક્ષ ઠાલવીને ઘણો હળવો થયો છું. આપનો સહકાર મળતો રહેતો હોવાથી આ કાર્ય વેગવંતુ બન્યુ છે અને અંધ જગતને સુખી કરી શકાય છે. તેને હિંમત અને બળ પુરુ પડી શકાય છે. તે આપ સૌને આભારી છે.

લિ. પંકજ કે. ડગલી

# માંગલિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મહાનુભાવોએ નીચેના મહાનુભાવોનો સંપર્ક કરવા વિનંતી

## મુંબઈ

**પ્રમુખશ્રી નવિનભાઈ અમૃતલાલ મણીયાર : ૦૯૩૨૩૩ ૯૮૬૧૦**
**ટ્રસ્ટીશ્રી રસીકભાઈ અમૃતલાલ મણીયાર**
શાહ & શાહ એસોસિએટ્સ, A-બ્લોક, વાનખેડે સ્ટેડિયમ, શશી પ્રભુ ઓફીસ પાસે, D-રોડ,
ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦. (ઓ.) ૦૭૦૪૫૯ ૪૫૪૯૫

ટ્રસ્ટીશ્રી ચિમનભાઈ મહેતા : ૦૯૯૩૦૩ ૫૬૨૨૭
૫૬, જનસુખ સોસાયટી, પાંચમા માળે, કસ્તુરબા રોડ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૭

## અમદાવાદ

શ્રી ધનસુખભાઈ બગડીયા : મો. ૦૯૪૨૬૨ ૮૫૮૬૫ અમદાવાદ-૦૭
શ્રી કાંતીભાઈ પટેલ : મો. ૦૯૩૭૭૫ ૯૦૮૯૮

## રાજકોટ

શ્રી ચંદ્રકાંતભાઈ એચ. શાહ (ટ્રસ્ટીશ્રી)
એ-૪, નક્ષત્ર ગ્રીન એપાર્ટમેન્ટ, પંચવટી હોલ પાછળ,
શ્રી કોલોની, મેઈન રોડ, જાલીયાના માર્ગ,
રાજકોટ-૩૬૦૦૦૧. મો. ૦૯૩૨૮૧ ૯૮૨૮૧
ફોન : (૦૨૮૧) ૨૪૭૯૪૬૫

## અમરેલી

શ્રી હરૂભાઈ બાટવીયા
'પ્રેરણા', પોસ્ટલ સોસાયટી,
દત્ત મંદિર પાછળ, ચિતલ રોડ,
અમરેલી મો.૦૯૪૦૮૧૫૯૪૦૭
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૦૭૩૭

## નિમંત્રક

**પ્રમુખ**
શ્રી નવિનભાઈ એ. મણીયાર

**ઉપપ્રમુખ**
શ્રી રસિકભાઈ એ. મણીયાર
ડો. કે. એલ. મહેતા

**મંત્રીશ્રી**
પદ્મશ્રી મુક્તાબેન પી. ડગલી

**સહમંત્રીશ્રી**
શ્રી રીનાબેન વી. જસાણી

## ટ્રસ્ટીગણ

| | | |
|---|---|---|
| શ્રી રોહિતભાઈ વી. શાહ | શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ | શ્રી મહેશભાઈ વી. શાહ |
| શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ | શ્રી પંકજભાઈ કે. ડગલી | શ્રી લાલજીભાઈ એમ. પ્રજાપતિ |
| શ્રીમતી મીનળબેન આર. શાહ | શ્રી મુકેશભાઈ પી. વોરા | શ્રીમતિ નીતાબેન શશીકાંતભાઈ તન્ના |
| શ્રી ચીમનભાઈ એન. મહેતા | શ્રીમતિ નીતાબેન એસ. દોશી | શ્રી શશીકાંતભાઈ તન્ના |
| શ્રી પંકજભાઈ કે. વોરા | શ્રી ધનવંતિબેન છાડવા | શ્રી દામજીભાઈ એ. ખીરાણી |
| શ્રી વિક્રમભાઈ શાહ | | |

## શુભ સ્થળ



**સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ**



દાદા ભગવાનના મંદિર પાસે, જલારામ પેટ્રોલ પંપ સામે
મુળી રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦. ફોન નં. ૭૦૯૬૬ ૦૯૯૧૫, ૮૭૫૮૬ ૭૧૮૬૩, ૭૬૯૮૭ ૪૩૦૯૩
પદ્મશ્રી મુક્તાબેન પી. ડગલી મો. ૯૪૨૮૯ ૮૦૦૩૪, શ્રી પંકજભાઈ કે. ડગલી મો. ૯૪૨૬૨ ૪૫૩૭૩
શ્રી રીનાબેન વી. જસાણી મો. ૯૪૦૮૮ ૮૮૫૪૦